

# પીસ ઓફ માઈન્ડ





## થેન્ક્સ ગિવિંગ એડીશન

### સંસ્થાપક તરફથી



જૈન માર્ગમાં કૃતજ્ઞતા (કૃતજ્ઞતા) કોઈ એક દિવસની ઉજવણી નથી, પરંતુ એ રોજિંદી સાધના છે — જે વિચારોમાં, વાણીમાં અને વર્તનમાં અહિંસા દ્વારા વ્યક્ત થાય છે, અને જે આપણી પાસે છે તેના પ્રત્યેના અપરીગ્રહ ભાવથી પ્રેરિત છે.

કૃતજ્ઞતા અંતે સેવા બની જાય છે. જ્યારે આપણે પ્રાપ્ત થયેલી દયાળુતાને નમન કરીએ છીએ, ત્યારે હાથ સ્વાભાવિક રીતે સેવા માટે ખુલ્લા થઈ જાય છે. જ્યારે ગુરુજનોના માર્ગદર્શનને યાદ કરીએ છીએ, ત્યારે મન સાધના તરફ વળે છે. જ્યારે આપણે સત્સંગમાં મળીએ છીએ, ત્યારે એકબીજાની પ્રતિજ્ઞા મજબૂત થાય છે. જ્યારે આપણે સાહિત્યના માધ્યમે જ્ઞાનને પ્રસરાવી છીએ, ત્યારે જ્ઞાન એ જગ્યાએ પહોંચે છે જ્યાં આપણા પગ પહોંચી શકતા નથી.

આ મહિનાના કાર્યને ચાર પ્રવાહોમાં — સત્સંગ, સેવા, સાધના અને સાહિત્ય — વહેંચીને, ચાલો આપણે કૃતજ્ઞતાને જીવંત કરીએ,ચાલો આપણે કોઈના આભારનું કારણ બનીને:
એક નિર્દોષ જીવને અહિંસા સાથે અર્પણ કરેલું ઉષ્માભર્યું ભોજન,
એક લેશન જે કોઈનું ભવિષ્ય પ્રકાશિત કરે,
એક શબ્દ જે હિંમત આપે,
અથવા એક મૌન જે હૃદયને શાંતિ આપે.

થેન્ક્સ ગિવિંગ નો આ અવસર આપણામાં વિનમ્રતાને ઊંડી કરે, કરુણાને વિસ્તારે, અને સત્યના માર્ગ પર આપણા પગલાંને સ્થિર કરે — એ જ પ્રાર્થના સાથે...

આશીર્વાદ સાથે,

**સમણ શ્રુતપ્રજ્ઞજી**

સંસ્થાપક
પીસ ઓફ માઇન્ડ ફાઉન્ડેશન

### સંપાદકની કલમે



દિવાળીના ઝગમગાટ વચ્ચે નવેમ્બરનો આ અંક લાવ્યો છે તેનો સાથી — કૃતજ્ઞતા. જૈન ધર્મમાં, આ સમય છે ભોગથી સહજતા તરફ વળવાનો અને અહિંસા-અપરિગ્રહ સાથે રોજ આભાર વ્યક્ત કરવાનો. જોડાઓ સત્સંગ, સેવા, સાધના અને સાહિત્યની એવી ગરમીમાં — જ્યાં આત્મા ઉર્જા પ્રસરે છે, ઓવન વગર!

તમને સૌને કૃતજ્ઞતા અને આશીર્વાદથી સભર થેન્ક્સ ગિવિંગ શુભ રહે.

**શ્રેયા એમ. દોશી**

'Abhavalay',Vinayak Vatika, Opp. Madhapar bus stop, Jamnager Road, Rajkot-360006. Gujarat , India | +91 884-993-2424 | pomyc.org@gmail.com | www.pomyc.org

# ટેબલથી ઉપર જઈને: જૈન થેન્ક્સગિવિંગ

જૈન ધર્મ આભારને વર્ષમાં એક વાર ઉજવવાની વિધિ નહીં પરંતુ રોજિંદા જીવનની સાધના તરીકે જોવે છે. જીવનશૈલી એવી સેટ કરો કે જે તમે આવતીકાલે પણ જીવી શકો.

તમે વિચારતા હશો કે – “જૈન ધર્મનો થેન્ક્સગિવિંગ સાથે શું સંબંધ?”

પરંપરાગત રીતે થેન્ક્સગિવિંગ એ પરિવાર સાથે મળીને આભાર વ્યક્ત કરવાનો તહેવાર છે. પરંતુ જૈન ધર્મ આ પ્રસંગને વધુ ઊંડાણપૂર્વક જોવાનો દૃષ્ટિકોણ આપે છે.

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો – અહિંસા (હિંસાનો ત્યાગ) અને અનેકાંતવાદ (સત્ય કોઈ એક પાસે નથી) – આપણને કરુણા, જાગૃતિ અને જીવનના પરસ્પર જોડાણ અંગે સમજ આપે છે.

આ સિદ્ધાંતો આપણને શીખવે છે કે સાચો આભાર એ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ રોજિંદા જીવનમાં દરેક જીવ પ્રત્યેના સ્નેહ અને સંવેદનશીલ વર્તનમાં દેખાવો જોઈએ.



**લેખક વિશે:**

હર્શિલ શાહ, મૂળ ડેનવર નિવાસી, હાલમાં અમેરિકામાં ઇન્ડિયાના રાજ્યની *Purdue University* માં એરોસ્પેસ એન્જિનિયરિંગમાં જુનિયર વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. વાંચનપ્રેમી હર્શિલને વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેનું સંતુલન શોધવાની અનોખી ઉત્સુકતા છે.

# સત્સંગ

**૨ ઓક્ટોબર, ૨૦૨૫** **આયોજક:** શ્રી વિવેકભાઈ સીહાર અને સુનીતાબેન સીહાર **રાજકોટ**

૨ ઓક્ટોબરના દિવસે અર્ક સ્કૂલ, રાજકોટના હોલમાં સમણ શ્રુતપ્રજ્ઞજીનો ‘માનવીય મૂલ્યોના સાત પાઠ’ વિષયક સેમિનાર યોજાયો હતો. અર્ક સ્કૂલની વિવિધ બ્રાંચમાંથી આશરે ૬૦૦ વિદ્યાર્થીઓ આ પ્રેરણાદાયી સત્રમાં જોડાયા હતા.







સમણજીએ બાળકોને જીવનમાં સફળતા અને સંસ્કાર બંને માટે આવશ્યક એવા સાત માનવીય મૂલ્યોના પાઠ સમજાવ્યા:

1. **Ambition** – જીવનમાં સ્પષ્ટ ધ્યેય રાખો અને તેને મેળવવા માટે સતત પ્રયત્ન કરો.
2. **Attention** – જે કાર્ય કરો તેમાં સંપૂર્ણ એકાગ્રતા રાખો, ડિસ્ટ્રિક્શન વગર.
3. **Attitude** – સકારાત્મક અને વિકાસમુખી માનસિકતા વિકસાવો.
4. **Adaptability** – નવી પરિસ્થિતિઓ અને પડકારો સાથે જાતને સમાયોજિત કરવાનું શીખો.
5. **Authenticity** – સહજ, પ્રમાણિક અને પોતાની જાત પ્રત્યે સત્ય રહો.
6. **Accountability** – પોતાના કાર્યો, પરિણામો અને ભૂલોની જવાબદારી સ્વીકારો.
7. **Appreciation** – જ્ઞાન, અવસર, ઉપકારી વ્યક્તિઓ અને શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા રાખો.

બાળકો, શિક્ષકો અને આયોજકો સૌએ સમણજીના ઉપદેશને ખૂબ માણ્યા. અદીતિબેનનો પણ સરાહનીય સહયોગ રહ્યો. સુનીતાબેને કાર્યક્રમની સફળતા બદલ હર્ષ વ્યક્ત કર્યો અને કહ્યું કે “જો વિદ્યાર્થીઓ આ મૂલ્યોને જીવનમાં ઉતારી લેશે, તો તેઓ ક્યારેય જીવનમાં પાછા નહીં પડે.”

# સત્સંગ

## ભગવદ્ ગીતા: 'શા માટે' નો જવાબ શોધવાનો સંદેશ

**૪ ઓક્ટોબર, ૨૦૨૫** **ભાણવડ, ગુજરાત**

૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સમણ શ્રુતપ્રજ્ઞજીએ ભગવદ્ ગીતા પર બીજું પ્રેરણાદાયક વકતવ્ય ભાણવડના પુરુષાર્થ વિદ્યાનિકેતનમાં આપ્યું. એમણે કહ્યું કે,





"જયારે આ દેશમાં ભગવદ્ ગીતા વંચાતી હતી, ત્યારે ભારત સોનાની ચકલી કહેવાતું હતું; હવે ગીતા કપડામાં વીંટાળીને મૂકી દીધી છે, એટલે એ ચકલી ઉડી ગઈ છે."

જે વ્યક્તિને પોતાના જીવનમાં કોઈ પણ વસ્તુ કરતા પહેલા "શા માટે" નો ખ્યાલ આવી જાય છે, એની વિકાસને કોઈ પણ શક્તિ અટકાવી શકતી નથી. કોઈ પણ વસ્તુ કરવાનો ઉદેશ્ય અને લક્ષ્ય સ્પષ્ટ થઇ જાય એટલે એની સફળતાને કોઈ અટકાવી શકે નહિ. કાર્યક્રમમાં લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી, તેમજ ઘણા ઑનલાઇન જોડાયા હતા.



*Sunitaben Sihar, her son, Dr. Vivek Sihar and Bhimsibhai*



આ કાર્યક્રમમાં લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી, તેમજ ઘણા ઑનલાઇન જોડાયા હતા. રાજકોટથી ઇનોવેટીવ સ્કૂલના નિયામક શ્રી ડૉ. વિવેકભાઈ સિંહાર અને એમના માતૃશ્રી સુનીતાબેન વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

# સત્સંગ

## યુવાનીનો આનંદ

**ઓક્ટોબર 25, ૨૦૨૫** — **તપોવન, ઘુમાલી**

### પુરુષાર્થ વિદ્યાનિકેતન ભાણવડના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો વિશેષ સેમિનાર

"Joy of Youth" થીમ પર પુરુષાર્થ વિદ્યાનિકેતન, ભાણવડના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસીય વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૨૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ૫૦ શિક્ષકગણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.






શ્રી મનસુખભાઈ વસોયાએ જણાવ્યું કે તપોવન અને પુરુષાર્થ વિદ્યાલય, ભાણવડમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે જે નવો શૈક્ષણિક પ્રયોગ ચાલી રહ્યો છે તે ઉજ્જવળ ભારતનું પ્રતિક છે.

દ્વારકા જિલ્લાના ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરાએ પોતાના સંબોધનમાં સ્વદેશી વસ્તુઓના ઉપયોગ પર ભાર મૂક્યો અને આત્મનિર્ભરતા તરફ યુવાનોને પ્રેરિત કર્યા.

સુરતથી આમંત્રિત વક્તા શ્રી પ્રીતભાઈ ખંડોરે જીવન વિકાસ માટેના પાંચ સુવર્ણ સૂત્રો રજૂ કર્યા:

1. પોતાની જાતને ઓળખો
2. પોતાને સતત અપડેટ રાખો
3. પોતાની જાત પર ફોકસ રાખો
4. પોતાને સતત સુધારતા રહો
5. પોતાના પ્રત્યે આભારભાવ રાખો



તેમણે કહ્યું કે, જીવનમાં વિકાસ માટે સ્વ-જાગૃતિ, સુધારણા અને કૃતજ્ઞતા એ જ સાચા વિકાસના આધાર છે.

**સમણ શ્રુતપ્રજ્ઞજીએ** વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે ત્રણ જીવનસૂત્ર આપ્યા:

1. વિનમ્ર રહેજો, કારણ કે બીજાના સહકાર વિના નાનું કામ પણ શક્ય નથી.
2. પ્રામાણિક રહેજો, કેમ કે તમે બીજાઓ સાથે જે કરો છો, એજ તમારા જીવન તરફ પાછું ફરે છે.
3. આભાર માનતા રહેજો, કેમ કે આભારભાવથી જ બ્રહ્માંડ તમને સમૃદ્ધિ આપે છે.

**આદરણીય પલાણ દાદાએ કહ્યું** કે ગાંધીજીને સમજવામાં ઘણા લોકો ભ્રમિત થઇ રહ્યા છે અને બીજાને ભ્રમિત કરી રહ્યા છે. “ગાંધીજીની ટીકા કરતા પહેલાં તેમને વાંચો, સમજો અને પછી મત આપો. બીજાની લાઇન મોટી કરવા માટે ગાંધીજીની લાઇન નાની કરવાનું પાપ ન કરશો,” એમ તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું. કાર્યક્રમના અંતે ભીમસીભાઈએ સંસ્થાની પ્રવૃત્તિઓની ઝાંખી આપી અને સૌનો આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ખુશાલભાઈ શિલ્લુએ સુંદર રીતે કર્યું.

# સત્સંગ

## સમણજીની લેઍન.એમ.એન. લાયન્સ હોસ્પિટલ, ભૂજ મુલાકાત

**12 - 13 ઓક્ટોબર, ૨૦૨૫** | **ભુજ, કચ્છ**

ભૂજમાં બે દિવસીય નિવાસ દરમિયાન સમણ શ્રુતપ્રજ્ઞજીએ LNM લાયન્સ હોસ્પિટલની મુલાકાત લીધી અને દ્રષ્ટિ સેવા કેમ્પના કાર્યક્રમમાં ત્યાં ઉપસ્થિત સૌને પ્રેરણાદાયી સંદેશ આપ્યો. સમણજીએ જણાવ્યું કે જૈન દાતાઓએ પોતાના દાનશક્તિનો ઉપયોગ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં કરવો જોઈએ, કારણ કે આ બે ક્ષેત્રો એવા છે જે દીર્ઘકાળ સુધી સમાજને ફળ આપે છે.









*Samanji gifts 'Brahmand Talks' to Jagrutiben Doshi*

આ સુંદર કાર્યક્રમ અને મુલાકાતની વ્યવસ્થા કરવા બદલ પ્રફુલ્લભાઇ વોરાનો વિશેષ આભાર વ્ય ક્ત કરવામાં આવ્યો. તેમણે સમણજીનો કાર્યક્રમ, આતિથ્ય અને ભૂજની આ સુંદર અને સુવ્યવસ્થિત હોસ્પિટલની મુલાકાત માટે ઉત્તમ આયોજન કર્યું.

આ પ્રસંગ દરમિયાન સમણજીએ ભદ્રેશભાઇ, નવિન કોરાડિયા, નાનાલાલ દોશી અને કીર્તિ દોશીના નિવાસે જઈને સૌ સાથે આત્મીય મુલાકાત કરી અને ગોચરી લાભ આપ્યો.

તદુપરાંત, સમણજીએ ભાવમુનિજી ગ્રુપ, અદિતિબાઇ સ્વામી, હેમલતાશ્રીજી મ.સા. તથા અન્ય અનેક સાધુસાધ્વીઓ અને શ્રાવકશ્રાવિકાઓ સાથે સત્સંગ યોજ્યો.

અંતમાં સમણજીએ પોતાના માતુશ્રી અને ભાઈઓના પરિવારોને પણ ધર્મલાભ આપ્યો, જેનાથી સમગ્ર મુલાકાત સ્નેહ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઊર્જાથી પરિપૂર્ણ બની.

**ઓક્ટોબર 20 થી 24, ૨૦૨૫** | **દિવાળીની સાદગીપૂર્ણ ઉજવણી** | **રાજકોટ – આભાવલય આધ્યાત્મિક સેન્ટર**





આ વર્ષે સમણ શ્રુતપ્રજ્ઞજીએ દિવાળીની ઉજવણી ખૂબ જ સાદગીપૂર્ણ પરંતુ ઊંડા આધ્યાત્મિક ભાવથી કરી હતી. આભાવલયના પવિત્ર પરિસરમાં દીપ પ્રગટાવી પ્રકાશ અને શાંતિના પ્રતિક સમી દિવાળીને ઉજવી હતી. સાથે સાથે મંત્રજાપ અને ધ્યાન દ્વારા સમગ્ર વાતાવરણને વધુ પ્રાણવાન અને પવિત્ર બનાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જવેરબા (સમણજીના માતુશ્રી), પલ્લવી કીર્તિ દોશી, અને વસંત રસિક દોશીના પરિવારે આભાવલયમાં સમણજીના સાનિધ્યનો લાભ લીધો હતો. સેવા કાર્યોમાં વૈષ્ણવભાઈ અને જેસંગભાઈની નિષ્ઠાપૂર્વકની ઉપસ્થિતિ રહી હતી.

# સત્સંગ

દિવાળીના પવિત્ર દિવસોમાં સમણ શ્રુતપ્રજ્ઞજીએ ધ્યાન અને સત્સંગનો લાભ આપ્યો, અને નવા વર્ષની શુભ પ્રભાતે સૌને રક્ષા પોટલી બાંધી, પ્રવચન તથા આશીર્વાદથી સૌને અલૌકિક શાંતિ અને પ્રેરણા આપી હતી.

આ ઉજવણી દિવાળીના બાહ્ય તેજ સાથે આંતરિક પ્રકાશના સંકલ્પને જીવંત કરતી રહી — પ્રકાશ બહાર પણ, પ્રકાશ અંદર પણ.



*Javerbaa presenting a gift to Sevak Vaishnavbhai*



*Javerbaa presenting a gift to Sevak Jesangbhai Ida*



*Pallaviben presenting gifts to Tapovan girls at Ghumali*



*Kirtibhai and Rasikbhai Doshi Families at Aabhavalay*

**1 - 25, ઑક્ટબર ૨૦૨૫ | અનેક પરિવારોમાં સત્સંગ - મુલાકાત | આભવલય, રાજકોટ**

સમણ શ્રુતપ્રજ્ઞજીની શાંત અને પવિત્ર ઉપસ્થિતિએ અનેક પરિવારોમાં આનંદ, શાંતિ અને આત્મિક પ્રેરણાનો સ્પર્શ પાથર્યો.

જે ઘરમાં સમણજીનો પ્રવેશ થયો, ત્યાં આત્મિક ઉર્જાનો એક નવો પ્રકાશ ઝળહળ્યો. ગોચરી લાભ અને સત્સંગના આ પવિત્ર પ્રસંગોમાં ભાવિકોએ અંતરંગ શાંતિ અને આદરભર્યો પ્રેમ અનુભવ કર્યો.

પ્રત્યેક મુલાકાત પ્રેમ, સરળતા અને દૈવત્વની ભાવનાથી પરિપૂર્ણ રહી. સમણજીની મંગળ ઉપસ્થિતિની કેટલીક ઝલકીઓ અહીં રજૂ કરવામાં આવે છે —



*Pradipbhai Mehta & Family*

*Sunita Sihar & Family*

*Amisha & Jayesh Doshi*

*Bina & Chandresh Joshi*

*Dhirajbhai Visatiya & Family from New Jersey*

*Nishithbhai & Family*

# સેવા

**28 ઓક્ટોબર, ૨૦૨૫** **પુરુષાર્થ સ્કૂલના શિક્ષકોની વકતૃત્વ વિકાસ ટ્રેનિંગ** **ભાણવડ, ગુજરાત**

પુરુષાર્થ સ્કૂલમાં આજે શિક્ષકો માટે એક વિશિષ્ટ "વકતૃત્વ વિકાસ ટ્રેનિંગ" કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે દરેક શિક્ષક મંચ પર પોતાની વાતને વધુ અસરકારક રીતે રજૂ કરી શકે, આત્મવિશ્વાસ સાથે બોલી શકે અને શ્રોતાઓ સુધી સંદેશાને સંવેદનશીલ રીતે પહોંચાડી શકે.

કાર્યક્રમના ઉદ્ઘાટન સમયે પૂજ્ય સમણશ્રીએ કહ્યું કે —

**"સારા વક્તા બનવા માટે માત્ર જ્ઞાન પૂરતું નથી, પણ યોગ્ય અભિવ્યક્તિ પણ એટલી જ જરૂરી છે."**



તેમણે વકતૃત્વના ત્રણ મુખ્ય તત્વો પર પ્રકાશ પાડ્યો —
1. **વક્તવ્યની શરૂઆતની એક મિનિટનું મહત્વ:** પ્રથમ મિનિટમાં શ્રોતાઓનું ધ્યાન ખેંચવું અતિ આવશ્યક છે. પ્રારંભ જેટલો પ્રભાવશાળી હશે, સમગ્ર વક્તવ્ય એટલું જ રસપ્રદ બનશે.
2. **વાણીનો મધ્યમ સ્વર:** બોલવાની ગતિ અત્યંત ધીમી કે ખૂબ ઊંચી ન હોવી જોઈએ. વાણીમાં મધુરતા અને સંતુલિત ટોન હોવો જોઈએ જેથી દરેક વ્યક્તિ સાથે જોડાણ બને.
3. **સમયનું પાલન:** વક્તવ્ય સમયસર પૂરું થવું - એ વક્તાની સૌથી મોટી શિસ્ત છે. વધારે સમય લેવો એ વક્તવ્યની અસર ઘટાડે છે.

ટ્રેનિંગ દરમિયાન શિક્ષકોને કાગળના માધ્યમે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નીચેના વિષયો પર પ્રાયોગિક અનુભવો અપાવવામાં આવ્યા:
~ ફોકસ અને એકાગ્રતાનું મહત્વ
~ વાણી અને અભિવ્યક્તિની શક્તિ
~ જવાબદારીનું વિતરણ અને ટીમમાં કાર્ય સોંપવાની કળા

પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષકોમાં ઉત્સાહ, આત્મવિશ્વાસ અને સંવાદ કુશળતાનો ભાવ વિકસિત થયો. ઉદ્ઘાટન પ્રસ્તુતિ બાદ સમણશ્રી રાજકોટની આગામી કાર્યક્રમ માટે રવાના થયા.

પ્રકારની તાલીમ શિક્ષકોના વ્યક્તિત્વ વિકાસ અને મંચ કુશળતામાં મહત્વનો પાયો પૂરું પાડે છે. પુરુષાર્થ સ્કૂલ દ્વારા શિક્ષણની સાથે વ્યક્તિત્વ નિર્માણ પર આપેલો ભાર ખરેખર પ્રશંસનીય છે.

# સેવા

## સ્કોલરશિપ પ્રોગ્રામ (૨૦૨૫–૨૬), ભાગ – ૨

*28* થી *31* ઓક્ટોબર, ૨૦૨૫ — રાજકોટ, ભારત

સમણ શ્રુતપ્રજ્ઞજીના પ્રેરક આશીર્વાદથી પ્રેરિત Peace of Mind Foundation, રાજકોટ દ્વારા ૨૦૧૩ થી યુવાનોને શિક્ષણના માધ્યમથી શક્તિ અને માર્ગદર્શન આપતો સ્કોલરશિપ કાર્યક્રમ સતત ચાલું છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે આ સ્કોલરશિપનો બીજો કાર્યક્રમ (ભાગ ૨) યોજાયો છે, જેમાં રાજકોટ અને ઉત્તર ગુજરાતના ૧૪ યોગ્યતાવાળા વિદ્યાર્થીઓને આર્થિક સહાયરૂપ સ્કોલરશિપ આપવામાં આવી છે.
આ વિદ્યાર્થીઓ ડૉક્ટરી, એન્જિનિયરિંગ તેમજ ઉચ્ચ માધ્યમિક અભ્યાસ જેવા ક્ષેત્રોમાં પોતાનું ભવિષ્ય ઘડી રહ્યા છે. સમણજીનો વિશ્વાસ છે કે – **“શિક્ષણ એ જીવનનું સર્વોચ્ચ સાધન છે – જે અજ્ઞાનને પ્રકાશમાં, સંભાવનાને સિદ્ધિમાં અને સપનાને હકીકતમાં રૂપાંતરિત કરે છે.”** આ પહેલ દ્વારા Peace of Mind Foundation યુવા પ્રતિભાઓને જ્ઞાન, કરુણા અને આત્મવિશ્વાસથી સમૃદ્ધ બનાવીને આવતીકાલના ઉજળા ભારતના સ્તંભરૂપ બનવા માટે પ્રેરિત કરી રહ્યું છે.


સાવન સારથિયા


કૃપાલ વોરા


સ્નેહા ડામોર


સંયમ શેઠિયા


યોગેશ વોરા


રચના ડામોર


ટીના જૈન


ઓમ વડોદરિયા


નયન ડોડીય


ડેનિશ પગદાર


હર્ષ ભાયાણી


જાસ્મિન ગામી


ગુંજન પટેલ


મોહિત પ્રજાપત

- અશોક શિંગવી – હ્યુસ્ટન, ટેક્સાસ
- ઉર્મિલા પ્રફુલ્લ ભક્તા – ડુમ્મસ, ટેક્સાસ
- સંગીતા મુકેશ પટેલ – ડલ્લાસ, ટેક્સાસ
- હીના અશેષ પટેલ – ડલ્લાસ, ટેક્સાસ
- નરેન્દ્ર અને નેન્સી શાહ – સિનસિનાટી, ઓહાયો
- દિયા અને હર્ષિલ (ચિરાગ) શાહ – ડેનવર, કોલોરાડો
- ઇન્દુ પરશુ શર્મા – મેમ્ફિસ, ટેનેસી
- વર્ષા ઉત્તમચંદ શાહ – મેમ્ફિસ, ટેનેસી
- મેઘા જિનંક પારેખ – ન્યૂ જર્સી
- નિતિ વિનય મહેતા – મેમ્ફિસ, ટેનેસી
- મહિપાલ સિંઘવી – ન્યૂ જર્સી
- કીંજલ જગદીશ શાહ – શિકાગો, ઇલિનોઇસ
- મનહર ગાંધી – મેમ્ફિસ, ટેનેસી
- જેસિકા હેમંત શાહ – શિકાગો, ઇલિનોઇસ

**2,500**

અત્યાર સુધી આપવામાં આવેલી શિષ્યવૃત્તિઓ

**Peace of Mind Foundation, રાજકોટ તરફથી, આ ઉદ્દાત કાર્ય માટે અમેરિકાના તમામ દાતાશ્રીઓને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. તમારા ઉદાર સહયોગ અને વિશ્વાસથી અનેક યુવાનોમાં જ્ઞાનનો દીવો પ્રગટ્યો છે, જે એક બુદ્ધિશાળી, સંવેદનશીલ અને ઉજ્જવળ ભારત નિર્માણની દિશામાં માર્ગદર્શક બની રહ્યુ છે.**

આગામી સ્પોન્સરશિપ રાઉન્ડમાં દાન આપવા માંગતા લોકો માટે, કૃપા કરીને ઇમેઇલ કરો: *pomyc.org@gmail.com*

# શિક્ષા

**ઓક્ટોબર 24 - 27, ૨૦૨૫** | **સમણજીનો તપોવન: ઘુમલી પ્રવાસ**

શાંતિપૂર્ણ અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત તપોવન વિશ્વ વિદ્યાલય, ઘુમલીમાં સમણજી સમયાંતરે પોતાની સાધના, આત્મચિંતન, અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નિવાસ કરે છે.



*Samanji feeding grains to the cows in the Tapovan Gaushala*



*Samanji conducting his training for the Tapovan Students*

તેમનું અહીંનું સાન્નિધ્ય સમગ્ર પરિસરને શાંતિ અને પ્રેરણાથી ભરપૂર બનાવી દે છે. ૨૪ થી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાનના તેમના નિવાસ દરમિયાન, સમણજીએ અનેક અર્થપૂર્ણ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો — તપોવનના બાળકોની ટ્રેનિંગ, તપોવન દેરાસરમાં પ્રાર્થના, ગૌશાળામાં ગાયોને અન્નદાન, સવારના શાંત પર્યાવરણમાં વિહાર, અને સમણજી ગુરુકુલમ્ સમક્ષ ધ્યાનમય ક્ષણો. આ દરેક ક્ષણોમાં તેમની પ્રકૃતિ સાથેની એકાત્મતા, ભક્તિ, અને અંતરાત્માની શાંતિનો અહેસાસ સ્પષ્ટ જણાતો હતો.



*Samanji's mother Javeriben and Bhimsibhai's mother Haiomaa*







*Bhimsibhai & Samanji on their early morning walk*

# સાહિત્ય

## જૈન ધર્મ

### ત્રિવેણી સંગમ – સમણ શ્રુતપ્રજ્ઞજીનું પ્રેરણાસ્પર્શી પુસ્તક




સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા લિખિત *77*મું પુસ્તક અને ભગવદ્ ગીતાનું આ પહેલું પુસ્તક *Leadership* ના ગહન તત્વોને આધુનિક દૃષ્ટિકોણથી ઉજાગર કરે છે. ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા, પરંતુ ગીતા બતાવે છે કે તેમની દૃષ્ટિ પણ અંધ હતી. લીડરશિપનો પ્રથમ ગુણ છે — સ્પષ્ટ દૃષ્ટિ અને નિષ્પક્ષ વિવેક.

ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રના અયોગ્ય કૃત્યોને રોક્યા નહીં, કારણ કે મોહ અને પક્ષપાતે તેમને ન્યાયથી વિમુખ કર્યા. તેમની નિષ્ક્રિયતા અને ભય બતાવે છે કે જે નેતા અન્યાય સામે મૌન રહે છે, તે પોતે અને પોતાની સંસ્થા બન્નેને નાશ તરફ ધકેલી દે છે.

કૃષ્ણ જે પરિસ્થિતિમાં જન્મ્યા, વિકસિત થયા અને નાની મોટી સમસ્યાઓ સામે ઝઝૂમ્યા, એ એમની કુશળ લીડરશિપ વિના શક્ય નહોતું. કૃષ્ણ એ ખરેખર લીડરશિપના આઇકોન છે.

પીસ ઓફ માઈન્ડ, રાજકોટ દ્વારા પ્રકાશિત આ પુસ્તિકાના અભ્યાસથી સમજાશે કે લીડરના વિચારો, કાર્યો અને દ્રષ્ટિ કેવી હોવી જોઈએ. કૃષ્ણએ આપેલી ભગવદ્ ગીતાને આજના સંદર્ભે સમજીએ તો જીવનની અનેક આંટીઘૂંટીને સરળતાથી ઉકેલી શકાય છે.

### બ્રહ્માંડ TALKS: બ્રહ્માંડ કાર્ય કરે છે - આપતું પુસ્તક




સમણ શ્રુતપ્રજ્ઞજીનું ૭૬મું અદભુત પોકેટ સાઇઝ પુસ્તક ‘બ્રહ્માંડ *Talks*’ પીસ ઓફ માઈન્ડ રાજકોટ દ્વારા પ્રકાશિત થયું છે. આ ગ્રંથમાં બ્રહ્માંડ અને તેના ગૂઢ નિયમોને અતિ સરળ, પણ અત્યંત પ્રેરણાદાયક રીતે સમજાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે આપણે જ્યારે બ્રહ્માંડની વાત કરીએ છીએ ત્યારે નજર આકાશ તરફ જાય છે, પરંતુ સમણજી સમજાવે છે કે બ્રહ્માંડ આપણી અંદર પણ વસે છે. બહારના અને અંદરના બ્રહ્માંડ વચ્ચે અદૃશ્ય લય અને ઉર્જાનું અવિનાશી જોડાણ છે.

આ પુસ્તકમાં જીવન અને ચેતનાના સાત મૂળભૂત નિયમો દ્વારા માનવ અસ્તિત્વનો ઊંડો તાત્વિક અર્થ ઉકેલવામાં આવ્યો છે. સમણજીની ભાષા સરળ છતાં ઊર્જાવાન છે—જે મનને જાગૃત કરે છે અને આત્માને ઊંચે ઉઠાવે છે. દરેક પાનામાં એવા વિચારોનું વાવેતર છે જે વાંચકને પોતાના આંતરિક બ્રહ્માંડની શોધ માટે પ્રેરિત કરે છે. આ ગ્રંથ આધ્યાત્મિકતા અને વિજ્ઞાનના સંગમનું જીવંત ઉદાહરણ છે—જે વાંચકને બહારથી અંદર અને અંદરથી અનંત તરફ દોરી જાય છે.

‘બ્રહ્માંડ Talks’ માત્ર વાંચન માટેનું પુસ્તક નથી, પણ જીવન બદલવાનો સંદેશ છે. દરેક યુવા, વિચારક અને આત્મસાધક માટે આ પુસ્તક એક પ્રકાશદીપ સમાન છે. આ પુસ્તક વસાવો, વાંચો અને અન્યને ભેટ આપો—કારણ કે જ્ઞાનનો પ્રકાશ વહેંચવાથી જ વધે છે

ORDER NOW આ ગુજરાતી પુસ્તકની તમારી નકલ ઓર્ડર કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: pomyc.org@gmail.com



# સમણ શ્રુતપ્રજ્ઞજીનો આગામી કાર્યક્રમ

| મહિનો | તારીખ | શહેર |
|---|---|---|
| નવેમ્બર | 2-8 | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કોબા: ગાંધીનગર |
| નવેમ્બર | 9-16 | સંબોધિ ઉપવન, ઘાનીન, રાજસ્થાન |
| નવેમ્બર | 17-21 | આભાવલય, રાજકોટ |
| નવેમ્બર | 22-28 | એકલીયા તીર્થ, સોનગઢ |
| નવેમ્બર - ડિસેમ્બર | 29-3 | રાજકોટ |
| ડિસેમ્બર | 5-11 | ગુપ્ત સાધન |

**નોંધ: આ સમણજીનો સંભાવિત કાર્યક્રમ છે. અનિવાર્યતા પ્રમાણે થોડો બદલાવ સંભવ છે. ફોન કે ઇમેઇલથી એમનો કાર્યક્રમ જાણી લેવો.**



સમણજી ગુરુકુલમ: ઘૂમલી